૨૯૯/૩૫

કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગ માટે ગુજરાતના યુવાધનને પ્રશિક્ષણ/ તાલીમ આપવાની યોજના બાબત

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક: વતભ-૧૪૨૦૧૫/૧૩૬/વસુતાપ્ર-૩

સચિવાલય, ગાંધીનગર

તા. ૦૧/૦૪/૨૦૧૭

વંચાણમાં લીધા:

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૭.૦૯.૯૨ નો ઠરાવ ક્રમાંક: વતભ-૧૦૯૧/ ૨૬૪૦/વસુતાપ્ર - ૩

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૯.૦૯.૦૯ નો ઠરાવ ક્રમાંક: વતભ: ૧૫૨૦૦૮/ ૧૪૮૫૯૨/ વસુતાપ્ર-૩

(૩) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગનો . ૧૪.૧૦.૧૪ ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ - ૧૦૨૦૧૩/ ૭૭૫૨૧૩/ગ

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૩.૧૧.૧૪ નો ઠરાવ ક્રમાંક: પરક્ષ- ૧૫૨૦૧૪/ ન.બા.- ૫૫/ગ

(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭.૧૦.૧૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૬) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭.૦૯.૧૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૭) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૦.૧૦.૧૬ નો ઠરાવ ક્રમાંક: પરક્ષ- ૧૫૨૦૧૪/ ન.બા.- ૫૫/ગ

(૮) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૦.૧૨.૧૬ નો સરખા ક્રમાંકનો પત્ર

આમુખ:-

(૧.૧) કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના ગુજરાતનું પ્રતિભાશાળી યુવાધન ભાગ લઇને સ્પર્ધામાં આગળ આવી શકે તે માટે ઉચ્ચ કક્ષાની તાલીમ સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ દ્વારા આપવાની યોજના વંચાણમાં લીધા (૧) ઉપરના તા.૦૭.૦૯.૯૨ ના ઠરાવથી બહાર પાડવામાં આવી હતી અને આ યોજનામાં વંચાણમાં લીધા (૨) ઉપરના તા. ૦૯.૦૯.૦૯ ના ઠરાવથી સુધારા કરી નવેસરથી તાલીમ યોજના બહાર પાડેલ હતી.

(૧.૨) વંચાણમાં લીધા (૨) ઉપરના સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૯.૦૯.૦૯ ના ઠરાવના ફકરા (૯) મુજબ અનુ.જાતિ, અનુ. જનજાતિ અને સા. અને શૈ. પછાત વર્ગો તથા બિન

અનામત વર્ગના જે તાલીમાર્થીના વાલીની વાર્ષિક આવક રૂ. એક લાખથી ઓછી હોય તેવા તાલીમાર્થીને તબક્કાવાર રૂ.૬૦૦૦/- ની સ્ટડી ગ્રાંટ ચુકવવામાં આવતી હતી. વંચાણમાં લીધા (૩) ઉપરના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૧૪.૧૦.૧૪ ના ઠરાવથી ગુજરાતના ડોમીસાઇલ હોય તેવા કોઇપણ અનુસુચિત જાતિ તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ અને બિન અનામત વર્ગની યુવતી યુપીએસસી સીવીલ સર્વિસ પરીક્ષાની પ્રીલીમ/ મુખ્ય પરીક્ષા પાસ કરે તો સહાય ચુકવવાની તથા વંચાણમાં લીધા (૪) અને (૭) ઉપરના આદિજાતી વિકાસ વિભાગના અનુક્રમે તા.૧૩.૧૧.૧૪ તથા તા.૨૦.૧૦.૧૬ ના ઠરાવથી અનુસુચિત જનજાતિના જે યુવક/ યુવતી યુપીએસસી સીવીલ સર્વિસ પરીક્ષાની પ્રીલીમ/ મુખ્ય પરીક્ષા પાસ કરે તો સહાય ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ઉપરાંત માન. મુખ્યમંત્રીશ્રી કેળવણી નિધિ યોજના હેઠળ સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે પ્રશિક્ષણ મેળવનાર તાલીમાર્થી યુવતીને આર્થિક સહાય ચુકવવામાં આવતી હતી. .

(૧.૩) આ વિભાગના વંચાણમાં લીધા (૫) ઉપરના તા.૧૭.૧૦.૧૫ ના ઠરાવથી રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા અપાતી સહાયને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થાના નેજા હેઠળ લાવી સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા તથા તેના હસ્તકના તાલીમ કેંદ્રો ખાતે ચાલતા કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગમાં તાલીમ મેળવતા તમામ યુવક/ યુવતીઓને સ્ટાઇપેન્ડ આપવાની જોગવાઇ કરવામાં આવેલ હતી. તથા આ ધોરણોમાં વંચાણમાં લીધા (૬) ઉપરના આ વિભાગના તા.૧૭.૦૯.૧૬ ના ઠરાવથી ફેરફાર કરવામાં આવેલ હતો.

(૧.૪) આ વિભાગના વંચાણમાં લીધા ક્રમાંક (૮) ઉપરના તા. ૨૦.૧૨.૧૬ના પત્રથી સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ અને તેના હસ્તકના તાલીમ કેંદ્રોમાં ચાલતા કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેની પ્રિલિમ પરીક્ષાના તાલીમ વર્ગમા યુવક/ યુવતીને ફક્ત એક જ વખત પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે યુવક/ યુવતી આ પરીક્ષા સંદર્ભે સ્પીપાના ભૂતકાળના તાલીમાર્થી હોય કે ન હોય અને તેઓ તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવ્યા સિવાય સ્વપ્રયત્ને પ્રિલિમ/ મુખ્ય પરીક્ષા પસાર કરે તો તેઓને સ્પીપાના મુખ્ય પરીક્ષાના/ ઈન્ટરવ્યુના તાલીમ વર્ગમાં પ્રવેશ આપવાનો રહેશે. તે મુજબ નિર્ણય લેવાયેલ છે.

(૧.૫) કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટે જે યુવક/યુવતીઓ ઘેર બેસીને પરીક્ષા આપે છે તે યુવક/યુવતીઓને પ્રોત્સાહન મળે તથા અખિલ ભારતીય સેવાઓમાં રાજ્યના વધુ યુવક/ યુવતીઓ પરીક્ષા પસાર કરી નોકરી મેળવી ઉત્તમ કારકીર્દી બનાવી શકે તે હેતુસર પ્રોત્સાહન યોજનાનો વ્યાપ વધારવાની અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

(૧) ઉક્ત બાબતે કાળજી પુર્વક વિચારણા કરીને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ અને તેના હસ્તકના તાલીમ કેંદ્રોમાં ચાલતા કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતા તમામ યુવક/ યુવતીઓ તથા જે યુવક/ યુવતીઓ આ પરીક્ષા ઘેર બેસીને સ્વપ્રયત્ને આપે છે તેવા તમામ યુવક/ યુવતીઓ માટે નીચે મુજબના પ્રોત્સાહનના ધોરણો નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | સ્પીપાના તાલીમાર્થી યુવક/ યુવતીઓ માટે પ્રોત્સાહન | સ્વપ્રયત્ને તૈયારી કરીને પરીક્ષા આપતા યુવક/ યુવતીઓને પ્રોત્સાહન |
|---|---|---|---|
| ૧ | સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ અને તેના હસ્તકના તાલીમ કેંદ્રોમાં ચાલતા કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના પ્રિલીમ પરીક્ષાના તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતા તમામ યુવક/ યુવતીઓ | પ્રતિ માસ રૂ. ૨,૦૦૦/- (બે હજાર) (વધુમાં વધુ સાત માસ સુધી અથવા યુ.પી.એસ.સી. દ્વારા અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પ્રીલીમ પરીક્ષા લેવાય ત્યાં સુધી આ બે માંથી જે ઓછું હોય તે) | ---------- |
| ૨ | પ્રિલીમ પરીક્ષા પાસ કરે ત્યારે તમામ યુવક/ યુવતીઓ | યુવક - રૂ. ૨૫,૦૦૦/- આ પત્રકનાં ક્રમાંક - ૧ મુજબ જે રકમ ચુકવેલ હોય તે રકમ બાદ કરીને બાકીની રકમ પ્રોત્સાહન રૂપે ચુકવવી.<br>યુવતી - રૂ. ૩૦,૦૦૦/- આ પત્રકનાં ક્રમાંક - ૧ મુજબ જે રકમ ચુકવેલ હોય તે રકમ બાદ કરીને બાકીની રકમ પ્રોત્સાહન રૂપે ચુકવવી. | યુવક - રૂ. ૨૫,૦૦૦/-<br>યુવતી - રૂ. ૩૦,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૩ | મુખ્ય પરીક્ષા પાસ કરે ત્યારે તમામ યુવક/ યુવતીઓ | યુવક – રૂ. ૨૫,૦૦૦/-<br>યુવતી – રૂ. ૩૦,૦૦૦/- | યુવક – રૂ. ૨૫,૦૦૦/-<br>યુવતી – રૂ. ૩૦,૦૦૦/- |
| ૪ | આખરી પસંદગી થયેથી તમામ યુવક/ યુવતીઓ | યુવક – રૂ. ૫૧,૦૦૦/-<br>યુવતી – રૂ. ૬૧,૦૦૦/- | યુવક – રૂ. ૫૧,૦૦૦/-<br>યુવતી – રૂ. ૬૧,૦૦૦/- |
| | કુલ | યુવક – રૂ. ૧,૦૧,૦૦૦/-<br>યુવતી – રૂ. ૧,૨૧,૦૦૦/- | યુવક–રૂ. ૧,૦૧,૦૦૦/-<br>યુવતી–રૂ.૧,૨૧,૦૦૦/- |

(૨) આ ઠરાવનો લાભ ગુજરાતના ડોમીસાઇલ હોય અને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ તથા તેના તાલીમ કેંદ્રોમાં કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતા તમામ યુવક/ યુવતીઓ તથા જેઓ આ પરીક્ષા ઘેર બેસીને સ્વપ્રયત્ને આપે છે તેવા ગુજરાતના ડોમીસાઇલ હોય તેવા તમામ યુવક/ યુવતીઓને મળવાપાત્ર રહેશે.

(૩) આ ઠરાવનો લાભ જે યુવક/યુવતીઓ ગુજરાતના ડોમીસાઇલ ન હોય તથા ગુજરાત રાજ્યમાં રહીને નોકરી/ અભ્યાસ કરતાં હોય અને ગુજરાત રાજ્યમાં ફાળવેલ આ પરીક્ષાના કેન્દ્રને પસંદ કરીને આ પરીક્ષા આપતાં હોય તેઓને આવી સહાય કે પ્રોત્સાહન ચૂકવવાના રહેશે નહિ.

(૪) આ યોજનાનો લાભ વર્ષ ૨૦૧૭ અને તે પછીના વર્ષોમાં લેવાનાર કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષાની પ્રીલીમનરી પરીક્ષાના ઉમેદવાર યુવક/ યુવતીઓને આપવામાં આવશે. આ યોજનાની પ્રોત્સાહનની રકમની ચુકવણી સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા દ્વારા કરવામાં આવશે.

(૫) કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા જે યુવક/ યુવતીઓ ઘેર બેસીને સ્વપ્રયત્ને પરીક્ષા આપતા હોય તેઓને પ્રીલીમ પરીક્ષા/ મુખ્ય પરીક્ષા/ ઇન્ટરવ્યુની પરીક્ષા પસાર કરે તેઓ માટે સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અલગ હુકમો કરવાના રહેશે નહી.

(૬) આ ઠરાવ રવાના થતાં આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૦.૧૦.૧૬ નો ઠરાવ ક્રમાંક: પરક્ષ/૧૫૨૦૧૪/ન.બા.-૫૫/ગ આથી રદ ગણવાનો રહેશે. આ ઉપરાંત આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૦.૧૦.૧૬ ના ઠરાવ અન્વયે જે કોઇ પ્રોત્સાહન ચુકવાયેલ હોય તો જે તે યુવક/ યુવતીને ફરીવાર પ્રોત્સાહનની રકમની ચુકવણી કરવાની રહેશે નહી.

૨૯૫/ટા

(૭) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થાના યુ.પી.એસ.સી. સ્ટડી સેન્ટરના તમામ તાલીમાર્થી તથા જે યુવક/ યુવતી ઘેર બેસીને સ્વપ્રયત્ને કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા આપતા હોય તે દરેક યુવક/ યુવતીને આ પ્રોત્સાહન વધુમાં વધુ ત્રણ પરીક્ષામાં ઉપસ્થિત પ્રયત્ન સુધી મળવાપાત્ર થશે.

(૮) વંચાણમાં લીધા (૮) ઉપરના આ વિભાગના તા. ૨૦.૧૨.૧૬ ના સમાંનાંકી પત્ર મુજબ સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા તથા તેના હસ્તકના તાલીમ કેન્દ્રોના પ્રિલીમના તાલીમ વર્ગમાં એક યુવક/ યુવતીને ફક્ત એક જ વખત પ્રવેશ આપવાનો રહેશે.

(૯) આ અંગેનું ખર્ચ સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થાએ બિન અનામત તાલીમાર્થીઓ/ પરીક્ષાર્થીઓ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંક – ૩૫, મુખ્ય સદર – ૨૦૭૦, અન્ય વહીવટી સેવાઓ- ૦૦૩, તાલીમ (૦૧), સરદાર પટેલ વહીવટ તાલીમ ભવન (સહાયક અનુદાન), ૩૧૩૫ – અન્યને જનરલ સહાયક અનુદાન સદરે ઉધારવાનું રહેશે.

(૧૦) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અનુસૂચિત જાતિ માટેના પરીક્ષાર્થીઓ. તાલીમાર્થીઓ માટેની અંદાજપત્રીય જોગવાઈ માંગણી ક્રમાંક: ૯૫ (અનુસુચિત જાતિ પેટા યોજના) મુખ્ય સદર: ૨૨૨૫ અનુસુચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: (૦૧) – અનુસુચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭, શિક્ષણ, પેટા સદર: (૨૦) – બીસીકે- ૩૮ યુનિયન કમિશનમાં ભરતી પરીક્ષાના દરેક તબક્કે અનુ. જાતિના અને સામાન્ય મહિલાને પ્રોત્સાહન સહાય યોજના સદરે જોગવાઈ કરવાની રહેશે.

(૧૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના તાલીમાર્થી/ વિદ્યાર્થીઓ માટેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર: ૨૨૨૫, અનુસુચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૩, ગૌણ સદર: ૨૭૭, શિક્ષણ, અને પેટા સદર: (૨૩) – બીસીકે-૧૦૭ આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. ને તાલિમ વૃતિકા ખાતે જોગવાઈ કરવાની રહેશે.

(૧૨) દિવ્યાંગ પરીક્ષાર્થી/ તાલીમાર્થી માટે માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર: ૨૨૩૫, પેટા સદર: ૦૧- એસએસડબલ્યુ – ૫, પેટા મુખ્ય સદર – (૦૨), સમાજ કલ્યાણ, ગૌણ સદર: ૧૦૧ – વિકલાંગોનું કલ્યાણ સદરે જોગવાઈ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે કરવાની રહેશે.

(૧૩) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિના તાલીમાર્થી/ પરીક્ષાર્થી માટેનું ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર:૨૨૨૫, પેટા મુખ્ય સદર: ૭૯૬, પેટા સદર: ૬૭, ગૌણ સદર ૦૨, સદરે જોગવાઈ કરવાની રહેશે.

(૧૪) ઉપર ક્રમાંક (૧૦), (૧૧) અને (૧૨) પરત્વે સામાજીક ન્યાય અને અને અધિકારિતા વિભાગ દ્વારા તથા ક્રમાંક (૧૩) પરત્વે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અંદાજપત્રમાં જોગવાઇ કરી અનુદાન સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદના હવાલે મુકવાનું રહેશે.

(૧૪) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૫/૦૨/૧૭ ની નોંધ અને આદિજાતિ વિકાસ વિભાગની તા.૩૦/૦૩/૧૭ ની નોંધ તથા સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગની તા.૩૧/૦૩/૧૭ ની નોંધ તેમજ મુખ્ય સચિવશ્રીની તા.૦૧/૦૪/૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ભરત બી. પટેલ)
સંયુક્ત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી , સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અશ્વરાજ બંગલો, કોર્પોરેટ રોડ, પ્રહલાદ નગર, સેટેલાઇટ, અમદાવાદ.
- સંયુક્ત નિયામકશ્રી/ નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક તાલીમ કેંદ્ર, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા – અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા (સ્પીપા મારફત)
- નોડલ અધિકારીશ્રી અને નાયબ નિયામકશ્રી (હિસાબ), સરદાર પટેલ લોક પ્રશાશન સંસ્થા, ઇસરો સામે, સેટેલાઇટ, અમદાવાદ.